# ‘કમઠાણ’– દલિતજીવનનું વાર્તા વિશ્વ

**શ્રીમાળી દીપકકુમાર ખેમાભાઈ**
શોધછાત્ર,પીએચ.ડી.,હેમ.ઉ.ગુ.યુનિ.પાટણ.
મો :**9979924017**, E-Mail. dipakshrimali85@gmail.com

ભાષાશૈલીનો સંબંધ લેખકના વ્યક્તિત્વ સાથે છે.’Style is the man’–શીલ તેવી શૈલી.’હકીકતમાં ભાષાનું તેજ વાર્તાકારના વ્યક્તિત્વનો જ આવિષ્કાર છે.ધ્વનિ,વ્યંજના,પ્રતિકઅને કલ્પન વગેરેનો કુશળતાપૂર્વક ઉપયોગ કરી વાર્તાકારે અભિવ્યક્તિને ચોટદાર બનાવવાની હોય છે. વાર્તાની સફળતામાં ભાષા અને શૈલીનું અદકેરું મૂલ્ય છે.ભાષાશૈલી  એ સમગ્ર સાહિત્યસ્વરૂપોનું એક મહત્વનું ઘટકતત્વ છે.વાર્તાકાર પણ શબ્દના –ભાષાના ઉપાદાન દ્વારા પોતાને થયેલ પ્રસંગ ,વ્યક્તિ કે પરંપરાની જેને એક જીવવાની ઉપલબ્ધિ કહી શકાય એવી અનુભૂતિને વાર્તાકલામાં અભિવ્યક્ત કરે છે.ટૂંકી વાર્તાની ભાષાશૈલી અંગે વિવેચક રતિલાલ નાયક નોંધે છે:”વાર્તાકાર સચોટતા શૈલી ઉપર ખૂબ આધાર રાખે છે.શૈલી ચોટદાર,જોમવાળી,સ્પષ્ટ અને સ્વાભાવિક હોય તો લેખક વાચકના ચિત્તમાં ધારી અસર ઉપજાવી શકે.”તે રીતે ટૂંકી વાર્તાને આકર્ષક યા અનાકર્ષક બનાવનારું ઘટક તે વાર્તાકારની ભાષાશૈલી છે.

સંજય ચૌહાણ વર્તમાન સમયના ઉત્તમ વાર્તાકારોની હરોળમાંના એક વાર્તાકાર છે.તેમેણે એના શહેરની એકલતા,થુંબડી અને કમઠાણ જેવાં શ્રેષ્ઠ વાર્તાસંગ્રહો આપ્યા છે. ‘કમઠાણ’ વાર્તાસંગ્રહની આ વાર્તાઓને અનેક પુરસ્કાર પ્રાપ્ત થયા છે.અમુક વાર્તાઓના વિવિધ ભાષાઓમાં અનુવાદ થયા છે.તો વળી અમુક વાર્તાઓને ભિન્ન–ભિન્ન  યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં પણ સ્થાન પ્રાપ્ત થયું છે.સંજય ચૌહાણ મૂળ વડનગરના વતની છે.તેઓ હાલમાં કહોડાની ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે તેઓ ફરજ બજાવે છે.તેઓનો પ્રયત્ન ટૂંકી વાર્તામાં શ્રેષ્ઠ આપવાનો છે. કમઠાણ’ વાર્તાસંગ્રહમાં  જે ટૂંકી વાર્તાઓ છે તેમાં ટૂંકી વાર્તાના સ્વરૂપ અને તના ઘટક તત્વોના દર્શન થાય છે.અહિ આપણે કમઠાણની ભાષા શૈલી વિષે વિગતે જાણીશું.

**શિષ્ટ ગુજરાતી તથા તળપદી બોલીનો સમન્વય**

‘કમઠાણ’માં શિષ્ટ ગુજરાતી અને ઉત્તર ગુજરાતની તળપદી બોલીનો વિશેષ ઉપયોગ કરવામાં આવ્યો છે.અમુક પ્રદેશમાં તળપદા શબ્દો –વાક્યો નો ઉપયોગ વાચકને પોતીકાપણા જેવો લાગે છે.અહિ ખૂબ સુંદર રીતે પાત્રો દ્વારા તળપદી બોલીનો ઉત્તમ ઉપયોગ કર્યો છે.ટૂંકા ટૂંકા વાક્યોના આછા લસરકાઓથી રચાતા સબળ પ્રતીકો સાથે તળપદ બોલીના લાક્ષણિક વિનીયોગને કારણે આ વાર્તાઓ એક જુદા ભાવવિશ્વનો અનુભવ કરાવે છે.અહિ કેટલાક તળપદી બોલીના કેટલાક ઉદાહરણ જોઈએ. ભેંમાના મનમાં પટ્ટા ખેલાવા લાગ્યા.ભેંમો થોડો શંકાશીલ ,ખાતરી કર્યા વગર માને નહીં .

'મોની ગ્યો ..લ્યા..' 'હોવે કેમ ના માને ?'
'આયો કેમ નહીં ?' 'થોડો મોડો ...પેલી ધારનો લઈને આવશે.'
'હાચ્યું કેય છઅ ? 'વેળાના હમ.' (પૃ.૨,પેંતરો વાર્તા )

કચરાને તખતસિંહની દયા આવી, 'હાળું જાગીરદારનો છોકરો રિક્ષા ફેરવતો થઇ ગયો ઇનાથી મોટી સજા હું ?ભગવાનચ મારો વાલો ચ્યાંક બેહ્યો બેહ્યો પૂરેપૂરો ન્યાય કર જ સઅ..પચ્ચી રૂપિયા મઅ પાડું તોણવા આટલા હુદી ખેંચાઈ આવ્યો.ઈનો ટે'મ એવો અશે તાણ્ય ? કુદરતે તો બરોબરનું વેર વાળ્યું જ સઅ કચરા નાથા તું હું વેર વાળવાનો અતો ?'(પૃ.૪૬, વારો –વાર્તા )

–'અલ્યા રઘા,તું ચ્યમ આમ કરે સે ભઈ ...બધાનાં કામ શું કરવા લેતો હશે ?
'ચાર ભરવાની સે રઘા અબ્બી ખેતરમાં ઓપડ ..' (પૃ.૫૯,ઠરાવ –વાર્તા)

–કોય પાડાનું પૂંછડુંય નહીં બદલાયું.અંદરથી બધું ઈમનું ઈમ છઅ.

–આ રેવી અનઅ એના ધણી કાળુ મંદિરમાં વાળતા'તા તે નોનજી કહે બા'રથી વાળો અંદર મું વાળી દે.

નોનજીનઅ દલિતોનો ઓછાયો પડઅ છઅ એટલે વરંડો ઊંચો કરવાનું કેય.
૯૭.પૃ).છઅ,વરંડો(વાર્તા– આમ,અહીં વાર્તાસંગ્રહની ૧૩ પૈકી બધી જ વાર્તાઓમાં
તળપદી બોલીનો અંત્યત સરસ રીતે ઉપયોગ કરવામાં આવેલ છે વાચકને રોજબરોજની.
બોલાતી ભાષા સાહજિક રીતે વાંચવી પણ ચોક્કસ ગમે એ સ્વાભાવિક છે.

**વાક્યો અને વાર્તામાં લાઘવ**

વાક્યોમાં લાઘવ અને વાર્તામાં લાઘવતા સહજ રીતે જોવા મળે છે.વાર્તાકારે ખૂબ નાના નાના વાક્યોનો ઉપયોગ કર્યો છે.નાના વાક્યો હોવાથી અર્થનું સ્પષ્ટીકરણ થાય.દીર્ઘ વાક્યો ઘણીવાર અર્થગ્રહણમાં અવરોધક બને છે.

–'ભેંમાએ હાથમાં રોડું લઈ બાજરીમાં છનછનાવ્યું. બાજરીના હળવો લસરકો થયો.ઉકળતા તેલમાં વઘાર માટે મસાલો નાખીએ ને થાય તેમ છમમ જેવું.ચકલાં ઊડી ગયાં.કલબલાટ ઓછો થયો.આકાશમાં સાંજનો છાંયડો પથરાયો.રતાશ વળવા લાગી.દાનો કૂવાના થાળા પર બેસી બીડી ફૂંકી રહ્યો હતો.એ ભેંમાના હાવ–ભાવ જોઈ હસવા લાગ્યો.' (પૃ.૧, પેંતરો –વાર્તા)

ઉપરોક્ત ફકરામાં એકદમ નાના વાક્યો દ્વારા વાર્તાનો વિસ્તાર થઇ રહ્યો છે.વાર્તાને પણ બિન જરૂરી લાંબી કરવાનો પ્રયત્ન કરેલ નથી.કોઈ નકામાં વર્ણનો પણ ટાળેલા જોવા મળે છે.

**સંવાદ**

કોઈપણ ટૂંકી વાર્તામાં સંવાદો મહત્વની ભૂમિકા ધરાવતા હોય છે.સંવાદથી વાર્તા ગતિમાન બને છે.અસરકારક બને છે. 'કમઠાણ'માં પણ ખૂબ ચોટદાર અને ધારદાર સંવાદોની પ્રાપ્તિ થાય છે .જે આ પ્રમાણે છે.

'ને ત્યારપછીના અંધારીયા રસ્તે મનોરને થોડો ખચકાતો જોઈ લવજીએ એને હામ ધરેલી.

–લોખંડનો ત્રિકમ છે એટલે ભૂતનો ભો નહી ...
–પણ દિચોર ખાલી ડાકલીઓ ખખડાવે તોય મૂતા છૂટે..
–આપણાથી તો ભૂત અભડાય ...આપણા તો હામે ના આવે..
માણસ હામે આવે ને ભૂત હામે ના આવે ?
–માણસ તો દિચોર ભૂતથીચ ભૂંડા. (પૃ.૧૩, લાશ–વાર્તા)
. 'ઓમ તો પીટ્યા અભડાઈ મારે સે.ને બાપજી આવશી તો શું લુમ્બ લેવા આવશી ?'મઘી ફૂલીને ભપ્ફ.
કરશનથી બોલાઈ ગયેલું, 'તું તો નુગરી લાગે સે.'
'.તે થોડા સરખા થયાને બધુ ભૂલી બેઠા .નુગરા તમે બધા સો'
'ભૂલવાના સમયે બધુ ભૂલી જવું પડે.પૂરવ જનમના કોઈ કર્મો હશી તે બાપજી આપણા ઘરે આવવાના.'
'શું કરવો સે લાઈને ? આપણો તો એક જ બાપજી .. આંબેડકર. બાકી બધા ધુતારા..'
'એ તો હું યે મોનું સુ..પણ ધરમમાંય માંનવું પડે ને ?..છાંની –માંની ઘર સાફ કર..'
'એ તો કરું સું ,પણ બાપજી ઘેર ના આયો..તો છબી ઉતારીને માળીયે ચડાવી દઉ ..'
'કેવી ઉતારે સે મું જોવું સું...'
'જો.જો... ત્યારે....' (પૃ.૨૨ ,છબી–વાર્તા)
આમ અહિ સંવાદો દ્વારા જ સાહજિક રીતે વાર્તાના પાત્રોના વ્યક્તિત્વ અને તેમની મનોદશા ઉપસી આવે

**રૂઢિપ્રયોગ અને કહેવતો :–**

સાહિત્યમાં રૂઢિપ્રયોગ અને કહેવતોનો ઉપયોગ થયો હોય તો ભાષા વધુ મીઠી અને વ્યવહારિક લાગે છે.આ વાર્તાસંગ્રહમાં સારા પ્રમાણમાં રૂઢિપ્રયોગ અને કહેવતોનો ઉપયોગ થયો છે. જેને કારણે ભાષા દીપી ઊઠે છે.
– ભેંમાના મનમાં પટ્ટા ખેલાવા લાગ્યા.(પૃ.૨, પેંતરો–વાર્તા)
–ઘરમાં માતમ છવાઈ ગયો હોય તેવું થયેલું. .(પૃ.૩, પેંતરો–વાર્તા)
–આજ તો કાશળ કાઢી નાખું.લોહીના ઉકાળા થયા છઅ. .(પૃ.૪, પેંતરો–વાર્તા)
–ભેંમાને જમીન ખોતરતો જોઈ હકબક થઇ ગયો. .(પૃ.૮, પેંતરો–વાર્તા)
–લવજીનું માથું ચકરાવે ચડ્યું.(પૃ.૯,લાશ વાર્તા)
– બાપજીની વાત થતીને એનો પિત્તો સાતમા આસમાને પહોંચી જતો. (પૃ.૨૨,છબી વાર્તા)
–'ત્યારથી કચરાએ મનોમન ગાંઠ વાળી હતી કે વખત આવે તખતસિંહના હાડકાં ખોખરાં કર્યા વિના રહેવું નહિ.(પૃ.૪૨,વારો –વાર્તા)
–તો તો કાનમાંથી કીડા ખરી પડે એવી મણ –મણની જોખતાં એને રોકનાર કોણ હતું.(પૃ.૮૮,ગરજ –વાર્તા)
–પાણીમાં પેઠાને પાદવામાં શરમ ?(પૃ.૧૩,લાશ–વાર્તા)

–ઊભી ભેંસના હૂળા ભરે એવી સે .(પૃ.૨૮,છબી–વાર્તા)

–પેલું કે'વતમ નહીં કીધું કઅ માંણહ ધંધાથી ઉજળા.. .(પૃ.૪૨,વારો –વાર્તા)

– દિયોર તે તો મને ઉલમાંથી ચૂલમાં નાખ્યો.(પૃ.૬૧,ઠરાવ–વાર્તા)

–બોલો કે મુખી ,મોઢામાં મગ ભર્યા છે ? (પૃ.૭૫ , વટ –વાર્તા)

–બાપ ગોતરમાં આ પૈપડું વગાડ્યું જ નહીં હો કે સુ ?(પૃ.૮૮,ગરજ–વાર્તા)

કહેવતોથી ભાષા સમૃદ્ધ હોય એવું લાગે છે.કહેવતોથી અને રૂઢિપ્રયોગોથી લાંબી વાત સંક્ષિપ્તમાં સરળ રીતે કહી શકાય છે. કહેવત સમજવાથી વાર્તાકારનો કહેવાનો અર્થ સચોટ રીતે સાર્થક થાય છે.છેવાડાના માણસ પણ અમુક કહેવત અને રૂઢિપ્રયોગનો ઉપયોગ વ્યવહારમાં કરતા જ હોય છે.આ પ્રકારની કહેવત સાહિત્યમાં આવવાથી તેને પોતીકાપણાનો અનુભવ થાય છે. તો કેટલાંક લોકોને ન સાંભળેલી કહેવતો અને રૂઢિપ્રયોગોના અર્થ સમજવા મળે છે.

**અલંકારો**

- રસ્તો એની આંખોમાં અવળ–સવળ થવા લાગ્યો.(પૃ.૧,પેંતરો–વાર્તા)
- અંધારું એની આજુબાજુ વીંટળાઈને ડોકાઈ રહ્યું હતું.(પૃ.૨,પેંતરો–વાર્તા)
- ને ખરાબામાં ઉગેલા ઝાડી ઝાંખરા જાણે જટિયાં છૂટાં મુકીને ધૂણી રહ્યા હતાં.(પૃ.૧૧, લાશ–વાર્તા)
- લ્યાં આ ભેમો આવ્યો...જાણે ભગવાન આચા...(પૃ.૮૬,વળાંક– વાર્તા)
- ખોબા જેવું રામપુર એની આંખોમાં આળોટવા લાગ્યું.પૃ.૯૧,ગરજ–વાર્તા)

આભૂષણ વિનાની નારી સોહામણી લાગતી નથી એમ ભાષા અલંકાર વિના શોભતી નથી.વાર્તાકારે આ બાબતને ધ્યાને રાખી જ્યાં જરૂર જણાય ત્યાં અલંકારનો યોગ્ય ઉપયોગ કર્યો છે.

આ સિવાય વિશેષણોનો ,કલ્પન અને પ્રતીકોનો સુંદર રીતે પ્રયોગ કર્યો છે.છબી.રંગ,વરંડો –વગેરે પ્રતીકો દ્વારા ઘણી અઘરી બાબતોને સરળ રીતે આલેખવાનો પ્રયત્ન કરેલ છે.

સમગ્ર 'કમઠાણ' વાર્તાસંગ્રહનો અભ્યાસ કરતાં વાર્તાકારની ઉત્કૃષ્ઠ ભાષાશૈલીના દર્શન થાય છે.વાર્તાકારે કોઈપણ બાબતમાં અતિરેક કે કંજૂસાઈ કરેલ નથી.જરૂરીયાત મુજબ રૂઢિપ્રયોગ,કહેવતો,વિશેષણ અને પ્રતીકોનો ઉપયોગ કરેલ છે.સંવાદો ધારદાર અને અસરકારક છે.તળપદી બોલીને લીધે સોનામાં સુગંધ ભલે છે. તળપદી બોલીને લીધે વાર્તાઓ વાસ્તવનું સ્વરૂપ ધારણ કરે છે.આમ,સમગ્ર રીતે'કમઠાણ' વાર્તાસંગ્રહનો ભાષા શૈલી આદર્શ પ્રકારની છે.

**સંદર્ભસૂચિ :**

'ચૌહાણ,સંજય.(2019),કમઠાણ.ભાવનગર: લટૂર પ્રકાશન.